| Innovation ID | DTP0010000002643 | Sr No : 1 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | પશુને આઉમાં સોજો (Udder Infection) |
| Category | પશુ સંવર્ધન |
| Notebook Number | lok (૨) ૫, Sep-Oct- ૧૯૯૭, Pg No. ૭ |
| Brief | પશુને આઉ પર સોજો આવે (Udder Infection) તો પીલુડી (Salvadora persica)ના પાનના રસનો ઉપયોગ |
| Detail | (આ પદ્ધતિ એપ્રિલ ૨૦૦૪માં રીચેક કરેલ છે.)<br>અંગુઠા વડે આંચળ ને દબાવીને દૂધ દોહવાની રીત તથા દોહનારાના હાથની અસ્વચ્છતા વગેરે કારણે આઉ અને આંચળ પર સોજો થાય છે. જેથી દૂધમાં ઘટાડો થાય છે અને દૂધમાં નાની નાની ફોદીઓ દેખાય છે. કેટલીકવાર દૂધને બદલે પાણી જેવું ચીકણું પ્રવાહી અથવા પરુ નીકળે છે. પરિણામે આંચળઅને આઉ કઠણ થઇ જવાથી દૂધ મળતુ બંધ થાય છે. (Udder Infection) અને આર્થિક ખોટ પડે છે.<br>જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકાના ઉમેદપરા ગામના પશુપાલક ગોવિંદભાઇ ભૂરાભાઈ ધાનાણી એ આઉના સોજા માટે ૧૦૦થી ૨૦૦ ગ્રામ પીલુડી (Salvadora persica)ના પાનનો રસ કાઢી સુઝેલા ભાગ પર લગાવવાથી આઉ પર આવેલો સોજો મટી જાય છે. આ પ્રક્રિયા દિવસમાં દિવસમાં બે વાર સવાર-સાંજ પીલુડીના(Salvadora persica) પાનનો રસ કાઢીને સૂજી ગયેલ આઉ પર લગાડવામાં આવે છે. બે થી ત્રણ દિવસ આ ઉપચાર કરવાથી આઉનો સોજો ઉતરી જાય છે. પીલુડીના પાન આઉના સોજાના પ્રમાણમાં લઈને વાટવામાં આવે છે. અંદાજે ૧૦૦ થી ૨૦૦ ગ્રામ પાનની જરૂર પડે છે.<br><br>આ પદ્ધતિ પરંપરાગત છે.<br>આ પદ્ધતિથી કોઈ આડઅસર થતી નથી.<br><br>અન્ય ઉપયોગ કર્તાઃ<br>પરસોત્તમભાઈ જીવરામભાઈ નાડા<br>બોધાભાઈ ગોવાળ<br><br>(નોંધઃ- આ પદ્ધતિનું પીઆઈસી તા. ૩૧-૮-૨૦૦૬માં કિરણભાઈ આર રાઠવાએ કરેલ છે.) (આ પદ્ધતિ સાચી છે. તેનો ઉપયોગ હાલ કરે છે.) |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | પીલુડીના(Salvadora persica) પાનનો રસ |
| IPR Status | |
| Keywords | આઉ, સોજો, Udder Infection, પશુ, પીલુડી, Salvadora persica, પાન, રસ, જૂનાગઢ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૯૨ | Member Type | Scout | | |
| First Name | દિલીપભાઈ | Middle Name | ડી. | Last Name | કોરડીયા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ.પો. ભુભલી | Taluka | ઘોઘા | | |
| District | Bhavnagar | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૬૯૩ | Member Type | Verifier | | |
| First Name | પ્રવિણ | Middle Name | એચ | Last Name | રોહિત |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ.પો-ખોરવાડ | Taluka | ઉમરેઠ | | |
| District | Anand | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૧૪ | Member Type | Innovator | | |
| First Name | ગોવિંદભાઈ | Middle Name | ભૂરાભાઈ | Last Name | ધાનાણી |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. ઉમેદપરા, પો. ગીરગઢડા | Taluka | ઉના | | |
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | ઉત્તરદાતાની ઉંમર ૫૨ વર્ષની છે. તેમને પત્ની તથા બે સંતાનો છે. ઉત્તરદાતા પાસે ૮ એકર જમીન છે. તેઓ ખેતીમાં કપાસ, મગફળીનું વાવેતર કરે છે. ખેતીમાં ૫૦ ટકા જમીનમાં પિયતની સુવિધા છે. તેઓ ખેતી સાથે પશુપાલન પણ કરે છે. પશુમાં બે ભેસ,  બે બળદ છે. તેઓ  પશુમાં દેશી સારવાર કરે છે. આર્થિક પરિસ્થિતિ મધ્યમ છે. મકાન મધ્યમ પાકુ છે. તેમને આવકના સાધનો ખેતી તથા પશુપાલન પર આધાર રાખે છે.<br><br>ગામનો પરિચય:-<br>આ ગામની વસ્તી અંદાજે ૧૫૦૦ જેટલી હશે. ગામમાં પંચાયત, કૂવા, શાળા વગેરે આવેલું છે. ગામમાં ધોરણ ૧થી ૭ સુધીની પ્રાથમિક શાળા આવેલી છે. ગામમાં શિક્ષણની સુવિધા છે. શિક્ષણનું પ્રમાણ પણ સારુ એવું જોવા મળે છે. ગામમાં સાતમ, આઠમું, દિવાળી, હોળી, નવરાત્રી જેવા ઉત્સવો ઉજવે છે. ગામમાં નરીયાળી, લીમડો, પીપળા જેવો વૃક્ષો જોવા મળે છે. પાકમાં મગફળી, કપાસ જેવા પાકો પકવે છે. તેઓની આવકના સાધનો ખેતી, પશુપાલન કરી પોતાની આવક મેળવે છે. ગામની તાલુકાનું અંતર ૨૦ કિલોમીટર જેટલું દૂર છે. જ્યારે જિલ્લો ગામથી ૧૮૦ કિલોમીટર જેટલું દુર છે. ગામમાં કાચા પાકા રસ્તા આવેલા હોવાથી વાહન-વ્યવહારની અવર-જવર ઓછી જોવા મળે છે. | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૧૭૫ | Member Type | Verifier | | |
| First Name | કિરણસિંહ | Middle Name | રતનસિંહ | Last Name | રાઠવા (ચૌહાણ) |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ. મેઘરી, પો. કંજેટા | Taluka | ધાનપુર | | |
| District | Dahod | State | Gujarat | Country | India |
| Biography | | | | | |